# સતત છઠ્ઠા વર્ષે "વહાલુડીના વિવાહ''નું અનોખું આયોજન

## રાજકોટના સમર્પણ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત 'દીકરાનું ઘર' વૃદ્ધાશ્રમ દ્વારા નિરાધાર દીકરીઓના લગ્નનું કરાયું આયોજન

ગાંધીનગર, તા.૦૪

સમાજથી અને ઘરથી તરછોડાયેલા નિરાધાર માવતરોની છેલ્લા ૨૪ વર્ષથી સેવા કરી રહેલું દીકરાનું ઘર" વૃદ્ધાશ્રમ તેની વિવિધ સેવાકીય પ્રવૃતિથી જાણીતું છે. "દીકરાનું ઘર' દ્વારા ૨૦૧૮થી માતાપિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ નિરાધાર, નિઃસહાય, લાચાર, અત્યંત ગરીબ પિરવારની દીકરીઓના લગ્નનો અનેરો ઉત્સવ ઉજવવામાં આવે છે. "વહાલુડીના વિવાહ" શીર્ષક હેઠળ યોજાતો આ લગ્નોત્સવ આજે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સ્વીકૃત બન્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં વહાલુડીના વિવાહ અત્યંત જાજરમાન રીતે એક શ્રીમંત પિતા જે રીતે પોતાની દીકરીનો પ્રસંગ ઉજવે એ રીતે ઉજવવામાં આવે છે. ચાલુ સાલે પણ આ અદકેરું આયોજન હાથ ધરાયું છે તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

'દીકરાનું ઘર' વૃદ્ધાશ્રમ દ્વારા સતત છઠ્ઠા વર્ષે "વહાલુડીના વિવાહ''નું નોખું–અનોખું અદભૂત આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત માતા–પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૨ દીકરીઓના માવતરો બનવાનું સદભાગ્ય ફરી એકવાર દીકરાનું ઘરની ટીમને મળશે. સમાજના સહયોગથી અનાથ દીકરીઓના જાજરમાન લગ્ન યોજાશે જેના આયોજનમાં જાણીતું પાણ ગ્રુપ મુખ્ય યજમાન પદે રહેશે. આ દીકરીઓને સમાજના સહકારથી ૨૦૦ વધુ કરીયાવરરૂપી વસ્તુઓ ભેટ અપાશે અને જો તે સેનાના શહીદ જવાનની દીકરી હશે તો તેને રૂ.૫ લાખ સુધીનો કરીયાવર અપાશે.

વહાલુડીના વિવાહનું ફોર્મ તા.૨૭ ઓગષ્ટ સુધી રાજકોટના ટાગોર રોડ પર ગુરુકૃપા કોમ્પ્લેક્સમાં સમર્પણ ચેરિટેબલ ટ્રસ્ટના કર્યાલયેથી સાંજે ૪થી ૭ કલાક દરમ્યાન મળશે.

સંસ્થા દ્વારા વહાલુડીના વિવાહમાં દાતાઓને આગળ આવવા અપીલ કરવામાંઆવીછે.





ચોમાસાની ઋતુમાં સરિસૃપો પોતાના નિવાસથી બહાર નીકળી જતાં હોય છે અને જાહેર જગ્યાઓ ઉપર ફરતા દ્રશ્યમાન પણ થાય છે ત્યારે સરગાસણથી અડાલજ તરફ જતાં બાઈકના બોનેટમાં એક ઝેરી સાપ છુપાઈ ગયો હતો જેને એનીમલ લાઈફ કેર દ્વારા પકડીને જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો. (તસવીરઃ શૈલેન્દ્ર સોલંકી )

# ૨૫૧ ગંગાસ્વરૂપા મહિલાઓને પુનર્લગ્ન માટે રાજ્ય સરકાર દ્વારા ૫૦-૫૦ હજારની સહાય ચૂકવાઈ

## રાજ્યના વિકાસમાં બની રહી છે સહભાગી, એ છે ગુજરાતની નારી : છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૮૧૨ મહિલાઓને રૂ. ૩.૭૪ કરોડની સબસિડી ચૂકવવામાં આવી

ગાંધીનગર,તા.૦૪

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો અને દૂરંદેશી નીતિના ફળસ્વરૂપ ૪૨૦ની અધ્યક્ષતા ભારતને મળી છે, જે અંતર્ગત ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૪૨૦ એમ્પાવર સમિટ અન્વયે ઉ૨૦ વુમન લેડ ડેવલપમેન્ટ, એન્સ્યુરિંગ સસ્ટેઈનેબલ - ઈનક્લુઝિવ એન્ડ ઈક્વિટેબલ ગ્લોબલ ઈકોનોમિક ગ્રોથ વિષયક સેમિનાર અને બેઠકો હાલ ચાલી રહી છે, તો બીજી તરફ રાજ્યમાં 'નારીવંદન સપ્તાહ' ની ઉજવણી પણ ચાલી રહી છે. ત્યારે વડાપ્રધાનશ્રી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ઘડવામાં આવેલી 'નારી ગૌરવ નીતિ'ને વધુ અસરકારક બનાવવા અને રાજ્યની નારી શક્તિને વધુ સશક્ત અને સબળ બનાવવા રાજ્ય સરકારે મહિલા સશક્તીકરણ માટે વિવિધ મહિલાલક્ષી યોજનાઓ ઘડીને સ્વાસ્થ્ય, સુરક્ષા અને શિક્ષા એમ ત્રિસ્તરીય વ્યૂહ અપનાવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલાં આ જ પ્રકારના પ્રયાસોના પરિણામરૂપે રાજ્યની નારી વધુ શિક્ષિત બની છે, સશક્ત બની છે, સક્ષમ બની છે. આજે રાજ્યની ૧૫થી ૪૯ વર્ષની વય ધરાવતી ૭૬.૫૦ ટકા મહિલાઓ શિક્ષિત છે અને કોઈના ટેકા વિના પોતાના પગ પર ઊભી રહેવા સક્ષમ બની છે. જેનું ઉદાહરણ મહિલાઓ સંચાલિત સ્વસહાય જૂથો અને દૂધ સહકારી ચળવળ છે. આજે રાજ્યભરમાં હજારો મહિલાઓ દ્વારા દૂધ સહકારી મંડળીઓનું સફળ સંચાલન થઈ રહ્યું છે. જ્યારે કુલ ૧.૧૩ લાખથી વધુ મહિલા સ્વસહાય જૂથો કાર્યરત્ છે. જેમાંથી ૧૩,૫૦૦ જેટલાં સ્વસહાય જૂથોને વર્ષ-૨૦૨૨ દરમિયાન લોન આપવાની કાર્યવાહી કરવામાં આવી. પરિણામસ્વરૂપ, બેંક જોડાણ ધરાવતાં સ્વસહાય જૂથોની ટકાવારી આજે ૧૦૦ ટકા સુધી પહોંચી છે.

રાજ્યની મહિલાઓને પગભર બનાવવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના મુખ્યમંત્રી કાળમાં મહિલા આર્થિક વિકાસ નિગમ ની સ્થાપના કરીને જે ચીલો ગુજરાતમાં ચાતર્યો છે, તેને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં 'ટીમ ગુજરાત' આગળ ધપાવી રહી છે. આજે ગ્રામીણ તથા શહેરી વિસ્તારની ૨૧થી ૫૦ વર્ષની વયની જરૂરિયાતમંદ મહિલાઓને મહિલા સ્વાવલંબન યોજના હેઠળ સ્વરોજગારી માટે વિવિધ ૩૦૭ જેટલા અલગ અલગ વ્યવસાયો માટે વધુમાં વધુ રૂ. ૨ લાખ સુધીની લોન બેંકો દ્વારા અપાવવામાં આવે છે. જેની સામે નિગમ દ્વારા પ્રોજેક્ટ કોસ્ટના ૧૫ ટકા અથવા મહત્તમ રૂ. ૩૦ હજાર બેમાંથી ઓછું હોય તે રકમ નિગમ દ્વારા સબસિડીરૂપે આપવામાં આવે છે. આ પ્રકારે છેલ્લાં ત્રણ વર્ષમાં સમગ્ર રાજ્યમાં કુલ ૧૮૧૨ મહિલાઓને કુલ રૂ.૩.૭૪ કરોડની સબસિડી સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યની ગ્રામીણ મહિલાઓની આર્થિક સધ્ધરતા અને સશક્તીકરણનું બીજું ઉદાહરણ એટલે મિશન મંગલમ યોજના. જેના માધ્યમથી રાજ્યની ૨૬ લાખ બહેનોને ૨૫ લાખ સખી મંડળો દ્વારા આશરે ૧૬૦૦ કરોડ રૂપિયાથી વધુના કારોબાર સોંપ્યા હતા.

વડાપ્રધાનશ્રી દ્વારા દૂરંદેશીપૂર્વક શરૂ કરવામાં આવેલી પરંપરાને આગળ ધપાવતાં રાજ્યના વર્તમાન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના વર્ષ-૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ માટેના બજેટમાં અગાઉના વર્ષની સરખામણીએ ૪૨ ટકા જેટલો વધારો કરીને કુલ રૂ.૬૦૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

એક આદર્શ સમાજના નિર્માણ માટે જાતિગત સમાનતા એ માત્ર મૂળભૂત માનવ અધિકાર નથી, પરંતુ ટકાઉ અને ઉજ્જ્વળ ભવિષ્ય માટેની અગત્યની જરૂરિયાત છે. આ જ વાતને ધ્યાને રાખીને અને રાજ્યની નારીશક્તિને પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં જેન્ડર બજેટની પહેલ કરવામાં આવી. જ્યારે વર્ષ ૨૦૧૯માં વ્યાવસાયિક સ્થળે જાતીય અસમાનતાને દૂર કરવા મહિલાઓને સમાન પગારનો કાયદો ઘડવામાં આવ્યો.



દલિત સમાજના ભાઈ-બહેનો પર થતાં અત્યાચારના વિરોધમાં આજે આગેવાનો સહિત દલિત સમાજના લોકો સાથે સમાજના આગેવાનોએ રાજ્ય પોલીસવડાને આપેલ આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાયો હતો. આ સમયે દલિત સમાજની મહિલાઓ-બાળકોએ પણ બેનરો દર્શાવી વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસના આગેવાન અમીત ચાવડા, કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

# મુખ્યમંત્રીની મુલાકાતે બ્રિટીશ હાઈ કમિ. ટુ ઈન્ડીયા એલેક્ષ એલીસ

## ગુજરાતના ફાયનાન્સિયલ મેનેજમેન્ટ એજ્યુકેશન સેક્ટર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ વિશેની સિધ્ધિઓથી પ્રભાવિત થતા બ્રિટીશ હાઈકમિશનશ્રી

ગાંધીનગર,તા.૪

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત બ્રિટીશ હાઈકમિશનર ટુ ઈન્ડીયા શ્રીયુત એલેક્ષ એલીસે ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ શુભેચ્છા મુલાકાત બેઠક દરમ્યાન બ્રિટીશ હાઈકમિશનરશ્રીએ ગુજરાતના ફાયનાન્સિયલ મેનેજમેન્ટ, એજ્યુકેશન, હાયર એજ્યુકેશન તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં જે સિધ્ધિઓ મેળવી છે તે વિશે જાણવામાં ઉત્સુકતા દાખવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં કહ્યું કે, ગુજરાતે આ વર્ષે બજેટની સાઈઝમાં ૨૩ ટકાનો વધારો કર્યો છે અને અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ આપ્યું છે. એટલું જ નહિ, ઝડપથી વિકાસ દર હાંસલ કરવા માટે કેપિટલ એક્સપેન્ડીચરમાં ૯૨ ટકાની વૃદ્ધિ કરેલી છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ ગુજરાત પાસે હોવાને કારણે દેશ-વિદેશના વેપાર ઉદ્યોગકારો માટે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે તેમ પણ ઉમેર્યુ હતું. એજ્યુકેશન સેક્ટરમાં સ્માર્ટ સ્કુલના કોન્સેપ્ટથી સ્કુલ એજ્યુકેશનમાં ખાસ કરીને ટ્રાઈબલ એરિયામાં નવા પરિમાણો ઉમેરાયા છે તેની વિસ્તૃત ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. બાળકોની હાજરીનાં ઓનલાઈન મૂલ્યાંકન માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ઉચ્ચ શિક્ષણ માટે વિદેશની યુનિવર્સિટીઓ સાથે કોલોબરેશન અંગે પણ મુખ્યમંત્રીશ્રીએ વાતચીત કરી હતી. બ્રિટનની એડીન બર્ગ યુનિવર્સિટી ગુજરાતમાં બાયોટેકનોલોજીના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સહભાગી બની છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. બ્રિટીશ હાઈકમિશનર શ્રીયુત એલેક્ષ એલીસનું ફેમીલી બેકગ્રાઉન્ડ એજ્યુકેશન ફિલ્ડ સાથે સંકળાયેલું હોવાનો વિશેષ ઉલ્લેખ કરતાં હાઈકમિશનરશ્રી એજ્યુકેશન સેક્ટરમાં ગુજરાતની આ બધી જ પહેલથી પ્રભાવિત થયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે તેમને ગુજરાતે ગ્રીન ગ્રોથ-રીન્યુએબલ એનર્જી અને હાઈબ્રીડ એનર્જી સેક્ટરમાં અગ્રેસરતા મેળવી છે તેની પણ જાણકારી આપી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ક્લાયમેટ ચેન્જનું અલાયદુ ડિપાર્ટમેન્ટ કાર્યરત કરવાની કરેલી પહેલ તેમજ ચારણકામાં વિશાળ સોલાર પાર્ક સ્થાપીને સોલાર એનર્જીના મહત્તમ ઉપયોગ માટેની પ્રેરણા આપી છે તેની પણ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે વિગતો આપી હતી. ૨૦૩૦ સુધીમાં ગ્રીન એનર્જીના વધુ ઉપયોગ તથા ગ્રીન કલીન એન્વાયરમેન્ટ માટેના વડાપ્રધાનશ્રીના લક્ષમાં પણ ગુજરાત સિંહફાળો આપવા સજ્જ છે એમ તેમણે ઉમેર્યુ હતું મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આગામી ઓલમ્પિક ગેમ્સ ગુજરાતમાં યોજાવાની છે તે સંદર્ભમાં ઓલમ્પિક નગર અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિષયમાં બ્રિટનની જે તજજ્ઞતા અને આ ગેમ્સના આયોજનનો બહોળો અનુભવ છે તેનો લાભ ગુજરાતને કઈ રીતે મળે તે અંગે પણ પરામર્શ કર્યો હતો.





(તસવીરઃ શૈલેન્દ્ર સોલંકી )

સુપ્રિમ કોર્ટ દ્વારા રાહુલ ગાંધીની સજા પર સ્ટે મુકવામાં આવતા ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ દ્વારા ઘ-૫ સર્કલ પાસે આતશબાજી કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કોસંબાના યુવક સાથે બાસ્કેટ બોલના ટ્રેનરની નોકરીમાં ગેરરીતી થયાના આક્ષેપ સાથે ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર,તા.૪

કોસંબાના સ્થાનિક ઉમેદવારને ગામની શાળામાં બાસ્કેટ બોલના ઉમેદવાર તરીકે પસંદગી પામ્યો હતો.ત્યારબાદ ગણતરીના સમયમાં આ સ્થાને અન્ય ઉમેદવાર આવી જતા સ્થાનિક ઉમેદવારે ગેરરીતી થઈ હોવાના આક્ષેપ સાથે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુરતના કોસંબાના બાસ્કેટ બોલના ઉમેદવાર સાથે અન્યાય થયો છે. કોસંબાની શાળામાં ઈન સ્કુલ પ્રોગામ અંતર્ગત સિલેકટ થયા બાદ બે દિવસમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના કોચના નાના ભાઈને બાસ્કેટ બોલ કોચ તરીકે નિમણુંક આપવામાં આવી છે. ત્યારે કોસંબાના સ્થાનિક ઉમેદવાર હેમંતકુમારે બાસ્કેટ બોલના કોચના ભાઈ પાસે યોગ્ય ડીગ્રી નહી હોવાનો પણ આક્ષેપ ઉમેદવારે કયો છે. જયારે બીપીએડ ચાલુ હોય તેવા યુવકને ટ્રેનર તેમજ કોચની પોસ્ટ આપવામાં આવી છે. ત્યારે સ્થાનિક ઉમેદવાર સાથે ગેરરીતી આચરી બેરોજગાર કરવામાં આવતા ઉમેદવારો પોતાની બાસ્કેટ બોલની ડિપ્લોમાં ડીગ્રી જમાં કરાવવા ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને રજુઆત કરી છે.

# આદિજાતિ ખેડૂતોને પ્રથમવાર વિવિધ 'જાડા ધાન્ય' ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરાયા

ગાંધીનગર,તા.૪

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વ ૨૦૨૩ને 'જાડા ધાન્ય'ના વર્ષ એટલે કે 'ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ' તરીકે ઉજવી રહ્યું છે. જાડા ધાન્યના ઉત્પાદન અને ઉપયોગને વધુ વેગ આપવા ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ૧૪ જિલ્લામાં વસવાટ કરતાં આદિજાતિ ખેડૂતોને પ્રથમ વાર 'કૃષિ વૈવિધ્યકરણ' યોજના હેઠળ જાડા ધાન્યના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા ગુણવત્તાયુક્ત બિયારણ-ખાતર વિતરણ કરવામાં આવી રહ્યું છે.

આ યોજના હેઠળ ખરીફ સિઝન માટે ચાલુ વર્ષે ગુજરાત સરકાર દ્વારા રૂ. ૩૦ કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત ગુજરાતમાં ચાલુ વર્ષે ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં ૭૦ હજારથી વધુ આદિજાતિ ખેડૂતોને બાજરી, જુવાર, નાગલી, મગફળી, સોયાબીન, તુવેર, ડાંગર/ રીંગણ, ભિંડા અને અડદનું ગુણવતાયુક્ત બિયારણ તેમજ ખાતરનું વિતરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આ યોજનાના પ્રારંભ એટલે કે વર્ષ ૨૦૧૨થી અત્યાર સુધીમાં અંદાજે ૧૩ લાખથી વધુ આદિજાતિ ખેડૂતોની આવક વૃદ્ધિ માટે બિયારણ-ખાતરની કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.

આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરના સીધા માર્ગદર્શનમાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ચોમાસું ઋતુમાં આદિજાતિ વસ્તી ધરાવતા વિવિધ ૧૪ જિલ્લાના નિયત માપદંડ ધરાવતા ખેડૂતોને બિયારણ અને ખાતર આપવામાં આવે છે. વિવિધ જિલ્લા માટે પસંદ કરાયેલા પાક અનુસાર સરેરાશ રૂ.૪,૧૨૮/- જ્યારે વધુમાં રૂ.૫,૪૦૦/- સુધીની કિંમતની બિયારણ અને ખાતરની કીટ લાભાર્થી દીઠ રૂ. ૫૦૦/-નો નજીવો લાભાર્થી ફાળો લ?ઈને આપવામાં આવે છે.

આ ઉપરાંત આદિજાતિ ખેડૂતો પરંપરાગત ઢબે ખેતી કરવાને બદલે સાચા અર્થમાં પાક વૈવિધ્યકરણને અપનાવે તે માટે ખેડૂતોને જી.એસ.એફ?.સી.એગ્રોટેક લિમિટેડના માધ્યમથી તાલીમ આપવામાં આવે છે.

સાથેસાથે આદિજાતિ ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળે તે હેતુથી માર્કેટ લિંકેજ માટે પણ સરકાર દ્વારા મદદ કરવામાં આવે છે.

# કલમનો કાર્નિવલ' પુસ્તક મેળાનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવભારત સાહિત્ય મંદિરના પ્રશંસનીય કાર્ય બદલ અભિનંદન આપ્યા : પુસ્તક મેળામાં વિવિધ વિષયોનાં ૨૫,૦૦૦થી પણ વધુ પુસ્તકોનો ખજાનો ઉપલબ્ધ

ગાંધીનગર,તા.૦૪

અમદાવાદના સી.જી. રોડ પર આવેલા સુશીલાબેન રતિલાલ હોલ ખાતે નવભારત સાહિત્ય મંદિર દ્વારા 'કલમનો કાર્નિવલ' પુસ્તક મેળાનું આયોજન કરાયું છે. આ પુસ્તક મેળો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખુલ્લો મુકાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પુસ્તક પ્રદર્શનને નિહાળ્યું હતું અને ત્યાં ઉપસ્થિત વિવિધ લેખકો સાથે વાર્તાલાપ કર્યો હતો.

નવભારત સાહિત્ય મંદિર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે.

૪ થી ૨૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી ચાલનારા આ પુસ્તક મેળામાં વિવિધ વિષયો જેવા કે, ઈતિહાસ, પૌરાણિક કથા, આધ્યાત્મિક, ધર્મ, સસ્પેન્સ, ડ્રામા, હૉરર, સેલ્ફ-હેલ્પ, મેનેજમેન્ટ, પ્રેરક, ઈતિહાસ વગેરેના ૨૫,૦૦૦થી પણ વધુ પુસ્તકોનો સમાવેશ છે. આ ઉપરાંત પુસ્તકો અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષામાં ઉપલબ્ધ છે.

'કલમનો કાર્નિવલ' પુસ્તક મેળામાં ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ અને સાહિત્યકારો, લેખકો, પત્રકારો તથા મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર સમાચાર
જાહેર નોટીસ / કોર્ટ નોટીસ
● રૂ. ૭૫૦/- ૨ કોલમ X ૬ સે.મી. ● (ફિક્સ) B & W
● રૂ. ૧૩૦૦/- ૨ કોલમ X ૧૦ સે.મી. ● (ફિક્સ) B & W
ત્યારબાદ ઉપરના વધારાના પ્રતિ કોલમ X સે.મી.ના રૂ. ૬૫/- ચાર્જ રહેશે
જાહેરાત આપવા સંપર્ક
બ્લોકનં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
મો. 98797 97884
ફોન. : 079-23222571





ભાટ ખાતે ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા દ્વારા ૨૨માં દિક્ષાંત સમારોહ યોજાયો હતો. મુખ્ય અતિથિ તરીકે તામીલનાડુના રાજયપાલ આર.એન.રવિ ઉપસ્થિત રહયા હતા. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)